# ભાવનગર મહાનગરપાલિકા

**ભાવનગર મહાનગરપાલિકાના સ્ટોર વિભાગમાં સ્ટેશનરી સપ્લાયના કામનો ઓર્ડર આપ્યા તારીખથી તા.૩૧/૧૨/૨૦૨૪ સુધી કરાવવા અંગેના કામનું ટેન્ડર.**

# <u>અનુક્રમણીકા</u>


| ક્રમ | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | ટેન્ડર દસ્તાવેજ | ૩ |
| ૨ | ટેન્ડર દસ્તાવેજ અને માર્ગદર્શક સુચનાઓ | ૪ થી ૭ |
| ૩ | સેવાપૂર્વ લાયકાત ફોર્મ (ટેકનીકલ બીડ) | ૮ થી ૯ |
| ૪ | ટેન્ડર અંગે સામાન્ય શરતો અને સૂચનાઓ | ૧૦ થી ૧૪ |
| ૫ | ભાવપત્રકનું ટેન્ડર ફોર્મ (કોમર્શિયલ બીડ) | ૧૫ થી ૧૯ |

કમિશનર કચેરી
સ્ટોર વિભાગ,
મહાનગરપાલિકા,
ભાવનગર.

આ ટેન્ડર ભાવનગર મહાનગરપાલિકા, સ્ટોર વિભાગના સ્ટેશનરી સપ્લાયના કામનો ઓર્ડર આપ્યા તારીખથી તા.૩૧/૧૨/૨૦૨૪ સુધી પુરી પાડવા અંગેનો કોન્ટ્રાકટ રાખવા અંગે રસ ધરાવતા ઈસમો / પેઢી / કંપની/ એજન્સી પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે.

## ટેન્ડર કાર્યક્રમ

| | |
|---|---|
| કામગીરીનો પ્રકાર / વિગત | ભાવનગર મહાનગરપાલિકાના કામનો ઓર્ડર આપ્યા તારીખથી તા.૩૧/૧૨/૨૦૨૪ સુધી સપ્લાય કરવા બાબત. |
| ટેન્ડર ફી | રૂા.૧૫૦૦ /– અંકે રૂપીયા પંદર સો પુરા (પરત નહીં ચુકવવા પાત્ર) નો કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાના નામનો ભાવનગર ખાતે ચુકવવા પાત્ર ડીમાન્ડ ડ્રાફટ ટેન્ડરની સાથે અચુક સામેલ રાખવાનો રહેશે. |
| ટેન્ડર ડીપોઝીટ | રૂા.૧૫,૦૦૦/– અંકે રૂપીયા પંદર હજાર પુરાનો કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાના નામનો ભાવનગર ખાતે ચુકવવા પાત્ર ડી.ડી. ટેન્ડર સાથે અચુક સામેલ રાખવાનો રહેશે. |
| ટેન્ડર જરૂરી દસ્તાવેજો ઈ.એમ.ડી. સાથે પહોચતી કરવાની તારીખ સમય અને સ્થળ | તા.૧૨/૦૩/૨૪ સમય સાંજે ૬–૦૦ કલાક સુધીમા ટેન્ડર જરૂરી દસ્તાવેજો તથા ઈ.એમ.ડી. સાથે રજી.એ.ડી. પોસ્ટથી સ્ટોર વિભાગ ભાવનગર મહાનગરપાલિકા માં પહોચતા કરવાના રહેશે. |
| ટેન્ડર ખોલવાનું સ્થળ | તા.૧૩/૦૩/૨૦૨૪ , સમય ૧૨–૦૦ કલાકે નાયબ કમિશનરશ્રી (એડમીન.) ની કચેરી, ભાવનગર મહાનગરપાલિકા |

નાયબ કમિશનર (એડમીન.)
મહાનગરપાલિકા
ભાવનગર

કમિશનર કચેરી

મહેકમ શાખા
મહાનગરપાલિકા,
ભાવનગર.

# <u>ટેન્ડર દસ્તાવેજ</u>

## (બિન તબદીલી પાત્ર)

### <u>માર્ગદર્શક સુચનાઓ</u>

(૧) ભાવનગર મહાનગરપાલિકા મુખ્ય કચેરીમાં સ્ટોર વિભાગના સ્ટેશનરીસપ્લાયના કામનો ઓર્ડર આપ્યા તારીખથી તા.૩૧/૧૨/૨૦૨૪ સુધી પુરી પાડવા અંગેનો કોન્ટ્રાકટ રાખવા અંગે રસ ધરાવતા ઈસમો / પેઢી / કંપની / એજન્સી તથા સ્થાનિક નોંધાયેલ ફેડરેશનો/સખી સંઘો પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે.

(૨) પૂર્વ લાયકાતના ટેન્ડર ફોર્મ (ટેકનીકલ બીડ) રજુ કરવા અંગે.

- (૧) ટેન્ડરરે નિયત ટેન્ડર ફોર્મમાં ભાવો ભરવાના રહેશે તથા તેની સાથે નીચે જણાવેલ જરૂરી દસ્તાવેજોની સ્વપ્રમાણિત કરી સહી સિકકા સાથેની પ્રમાણિત નકલો ટેન્ડર કવરમાં રજુ કરવાના રહેશે.
- (૨) ટેન્ડરર પેઢીના આવકવેરા વિભાગ દ્વારા આપવામાં આવતા કાયમી પાનકાર્ડની પ્રમાણિત નકલ.
- (૩) ટેન્ડર જો ભાગીદારી પેઢી હોય તો ભાગીદારી દસ્તાવેજની પ્રમાણિત નકલ તથા પાવર ઓફ એટર્નીના નોટરાઈઝડ દસ્તાવેજની પ્રમાણિત નકલ.
- (૪) ટેન્ડરર જો કંપની કાયદા હેઠળ અથવા સહકારી મંડળીના કાયદા હેઠળ નોંધાયેલ હોય તો તે બાબતના દસ્તાવેજી પુરાવા તેમજ બંધારણની પ્રમાણિત નકલ. આ કિસ્સામા પણ પાવર ઓફ એટનીર્ની પ્રમાણિત નકલ.
- (૫) ટેન્ડરર પેઢીના નંબર તથા જી.એસ.ટી. નંબરના સર્ટીફીકેટની પ્રમાણિત નકલ.
- (૬) ટેન્ડરર પેઢીએ છેલ્લા ૩ વર્ષના (નાણાંકીય વર્ષ– ૨૦૨૦–૨૧, ૨૦૨૧– ૨૨, ૨૦૨૨ –૨૩)ઈન્કમ ટેક્ષ, સર્વિસ ટેક્ષ તથા વ્યવસાયવેરો ભર્યાની પહોચ તથા જી.એસ.ટી. ભર્યાની વર્ષવાર વિગત (રીટર્નની પ્રમાણિત નકલ તથા વાર્ષિક હિસાબોની નકલો) સામેલ રાખવાની રહેશે.
- (૭) ટેન્ડરર પેઢીએ છેલ્લા ૩ વર્ષમા (નાણાંકીય વર્ષ– ૨૦૨૦–૨૧, ૨૦૨૧– ૨૨, ૨૦૨૨ –૨૩) ૨ લાખથી ઓછુ નહીં તેટલુ ટર્ન ઓવર કરેલ હોવું જોઈએ.
- (૮) ટેન્ડરર પેઢીએ જાહેરાતમાં દર્શાવેલ સ્ટેશનરી સરકારી કચેરીમાં પુરા પાડવાનો ઓછામાં ઓછો એક વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ. પેઢીએ છેલ્લા નાણાંકીય વર્ષમાં સરકારશ્રીમાં આ પ્રકારની સેવા પુરી પાડેલ હોય તો તેની વિગત તથા વર્કઓર્ડરની પ્રમાણીત નકલ જોડવાની રહેશે.
- (૯) ટેન્ડરર પેઢીનું ભાવનગર મહાનગરપાલિકાના કાર્યક્ષેત્રમા વેચાણ કેન્દ્ર/ એજન્સી/પેઢી/દુકાન હોવી જોઈએ.
- (૧૦) ઉપર જે પુરાવા / દસ્તાવેજોની નકલોનો ઉલ્લેખ કરેલ છે તે તમામ દસ્તાવેજોની <u>નકલ બંધ ટેન્ડરના કવરમાં સામેલ રાખવાની રહેશે</u>. તથા તે તમામ દસ્તાવેજોની મુળ નકલ ચકાસણીના હેતુસર માંગણી કર્યેથી રજુ કરવાની રહેશે.
- (૧૧) ટેન્ડર રજુ કરવામા આવે ત્યારે નિયત ટેન્ડર ડીપોઝીટ (અર્નેસ્ટ મની ડીપોઝીટ) ની એફ.ડી.આર. તથા ટેન્ડર દસ્તાવેજના તમામ પાના ઉપર ટેન્ડરની તમામ શરતો અને બોલીઓની સ્વીકૃતિ રૂપે સહી–સિકકા કરેલ ટેન્ડર દસ્તાવેજ તેમજ ઉપર જણાવ્યા મુજબના તમામ પ્રમાણિત દસ્તાવેજો ટેન્ડરનાં કવરમાં સીલબંધ કરીને કવર ઉપર સ્ટેશનરી સપ્લાઈ માટેનું ટેન્ડર એમ સ્પષ્ટ વંચાય તે રીતે લખવાનું રહેશે અને

તા.૧૨/૦૩/૨૪ ના રોજ ૬–૦૦ સાંજના કલાક સુધીમાં મળી જાય તે રીતે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટ દ્વારા સ્ટોર વિભાગ, ભાવનગર મહાનગરપાલિકાને પહોચતા કરવાના રહેશે.

(૧૨) નિયત સમય બાદ મળેલા ટેન્ડર ધ્યાનમાં લેવાશે નહી.

(૧૩) ટેન્ડર દસ્તાવેજના દરેક પાના ઉપર ટેન્ડરરે સહી કરી નામ લખવાનું રહેશે. અને આ સહી ટેન્ડરર કઈ હેસિયતથી કરે છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

(૧૪) કોઈપણ જાતના શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી અને આવા ટેન્ડર રદ થવાને પાત્ર ગણાશે.

(૧૫) નિયત ટેન્ડર ડીપોઝીટ (અર્નેસ્ટ મની ડીપોઝીટ) ના જરૂરી ડી.ડી. ટેન્ડર સાથે અચુક રજુ કરવાના રહેશે. જો કોઈપણ ટેન્ડરર દ્વારા જરૂરી ટેન્ડર ડીપોઝીટ (અનેસ્ટ મની ડીપોઝીટ) ના ડી.ડી. સિવાય રજુ કરવામાં આવશે તો તે ટેન્ડરરનું ટેન્ડર ધ્યાને લેવામા આવશે નહી.

## (૩) <u>અર્નેસ્ટ મની ડીપોઝીટ</u>

(૧) સંપુર્ણ વિગતો સાથે ટેન્ડરની અંદાજીત રકમ રૂા.૧૫,૦૦,૦૦૦/– ના ૧ ટકા મુજબ રૂા.૧૫,૦૦૦/– અંકે રૂપિયા પંદર હજાર પુરાની રકમ અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈ.એમ.ડી.) પેટે કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાના નામનો ફકત ભાવનગર ખાતે ચુકવવા પાત્ર એસ.બી.આઈ.સિવાયની બેકનો ડી.ડી. બીડવાનો રહેશે. અન્ય કોઈ રીતે જમા કરેલ અર્નેસ્ટ મની ડીપોઝીટ માન્ય રાખવામાં આવશે નહી.

(૨) ટેન્ડર સાથે ટેન્ડરરે ટેન્ડર ડીપોઝીટ (અર્નેસ્ટ મની ડીપોઝીટ) નો ડી.ડી. રજુ કરેલ ન હોય તેવા ટેન્ડર રદ થવાને પાત્ર ગણાશે. ભાવનગર મહાનગરપાલિકા પાસે બાકી નીકળતી કોઈ પણ લેણાની રકમ ડીપોઝીટ તરીકે ગણી લેવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

(૩) કોઈપણ ટેન્ડરરે તેમનું ટેન્ડર નિયત સમયમાં ભરીને આપ્યા પછી તેમનું ટેન્ડર ન ખોલવાની કે પરત લેવા માટેની લેખીત/મૌખીક રજુઆત માન્ય રાખવામાં આવશે નહી તેમજ જેટલા ટેન્ડર ભરીને આવ્યા હોય તે તમામ નિયમાનુસારના ટેન્ડરો ટેન્ડર ખોલવાની તારીખે ખોલવામાં આવશે તે તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

(૪) ટેન્ડર ખોલ્યા બાદ કોઈ ટેન્ડરર તેમના ભાવો પાછા ખેચી લઈ શકશે નહી. જો ટેન્ડરર તેમ કરશે તો તેમની ટેન્ડર અર્નેસ્ટ મની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે અને આવા ટેન્ડરરને ભવિષ્યમાં ઈજારા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(૫) જે ટેન્ડરરના ભાવ સ્વિકારવામાં આવશે તે પછીના ક્રમમાં ભાવો આપનાર બે ટેન્ડરર સિવાય અન્ય ટેન્ડરરોની ટેન્ડર અર્નેસ્ટ મની ડીપોઝીટ ટેન્ડર પ્રક્રિયા પુર્ણ થયા બાદ પરત કરવામાં આવશે. જેમના ભાવો સ્વિકારવામાં આવ્યા છે તેવા અને તે પછીના બે ટેન્ડરરોની ટેન્ડર અર્નેસ્ટ મની ડીપોઝીટ જેમના ભાવો સ્વિકારવામાં આવ્યા છે તે ટેન્ડરર જરૂરી સીકયુરીટી ડીપોઝીટ જમા કરાવી કરારનામું કરી આપે ત્યારબાદ પરત કરવામાં આવશે.

(૬) જેમનું ટેન્ડર માન્ય રાખવામા આવે તેવા ટેન્ડરરને જાણ કર્યાના તારીખથી દિવસ : ૧૫ મા જરૂરી સીકયુરીટી ડીપોઝીટની રકમ જમા કરાવી નિયત નમુનામાં કરારનામું કરવાનું રહેશે. આ રીતે આપેલ સમય મર્યાદામાં જરૂરી સીકયુરીટી ડીપોઝીટ જમા કરાવી નિયત નમુનામાં કરારખત નહી કરનાર ટેન્ડરરની ટેન્ડર ડીપોઝીટ (અર્નેસ્ટ મની ડીપોઝીટ) જપ્ત કરવામા આવશે. તેમજ આવા ટેન્ડરરને ભવિષ્યની કામગીરી માટે ગેરલાયક ગણવામાં આવશે.

(૭) સિકયોરીટી ડીપોઝીટ ટેન્ડરની અંદાજીત કિંમત રૂા.૧૫,૦૦,૦૦૦/– ના ૫% મુજબ **રકમ રૂા.૭૫,૦૦૦/– અંકે રૂપિયા પંચોતેર હજાર રહેશે,** સીકયોરીટી ડીપોઝીટની રકમ બેંક ગેરંટી અથવા ફીકસ ડીપોઝીટ સ્વરૂપે ટેન્ડર સ્વિકાર થયે રજુ કરવાની રહેશે. સીકયોરીટી ડીપોઝીટની રકમ કરારની મુદત પુર્ણ થયાના એક મહીના બાદ, કામગીરી સંતોષકારક જણાયે એજન્સીને પરત ચુકવવામાં આવશે, સીકયોરીટી ડીપોઝીટની રકમ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર થશે નહી.

(૪) **<u>ટેન્ડર ખોલવા અંગે</u>**

(૧) નિયત કરેલ સમયમર્યાદામાં રજી.એ.ડી.પોસ્ટથી મળેલ ટેન્ડર બીડ તા.<u>૧૨/૦૩/૨૪</u> ના રોજ ૬–૦૦ કલાકે કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા દ્વારા નિયુકત કરેલ સમિતિ સમક્ષ હાજર રહેલા ટેન્ડરર્સ અગર તેમના અધિકૃત પ્રતિનિધિઓની હાજરીમાં ખોલવામાં આવશે. રસ ધરાવતા ટેન્ડરરો અગર તેમના અધિકૃત પ્રતિનિધિ તે સમયે હાજર રહેવાની ઈચ્છા ધરાવતા હોય તો હાજર રહી શકશે. આ નિયત તારીખે જો કોઈપણ કારણસર રજા જાહેર કરવામાં આવશે તો તે પછીના કામકાજના દિવસે પરંતુ પૂર્વ નિર્ધારીત સમયે ટેન્ડર ખોલવામાં આવશે. જો કોઈ પણ ટેન્ડરર / તેમના અધિકૃત પ્રતિનિધિ હાજર રહેશે નહી તો ભાવનગર મહાનગરપાલિકાના અધિકૃત અધિકારીશ્રી રોજકામમાં યોગ્ય નોંધ લઈ તેમના ટેન્ડર બીડ ખોલશે અને નોંધ લેશે. તે જે તે ટેન્ડરરને બંધનકર્તા રહેશે. નિયત નમુનામાં મળેલ ન હોય તેવા અને જરૂરી ડોકયુમેન્ટ જોડેલ ન હોય તેમજ જરૂરી યોગ્યતા ધરાવતા ન હોય તેવા ટેન્ડર રદ ગણાશે. જે ટેન્ડરર દ્વારા તેઓના ટેન્ડર ફોર્મ નિયમનુસાર ભરેલ હશે અને જરૂરી આધાર પુરાવા રજુ કરેલ હશે તેવા જ ટેન્ડરોના ભાવ પત્રક (કોમર્શીયલ બીડ) ધ્યાને લેવામાં આવશે.

(૫) **<u>ટેન્ડરના ભાવ અંગે સમયમર્યાદા</u>**

(૧) ટેન્ડરમાં આપેલ ભાવો ટેન્ડર ખોલ્યાની તારીખથી <u>૧૮૦ દિવસ</u> સુધી અમલી ગણાશે. અને આ સમય દરમ્યાન તેમના ભાવો પાછા ખેંચી શકશે નહી ઈજારાની મુદત હુકમમાં દર્શાવ્યા મુજબની આખરી ગણાશે. જે અંગે ટેન્ડરર કોઈ વાંધો રજુ કરી શકશે નહી સમયના અર્થઘટન અંગે ઈન્ડીયન લીમીટેશન એકટની જોગવાઈઓ લાગુ પડશે.

(૬) **<u>ટેન્ડરના ભાવો અંગે વિચારણા</u>**

(૧) એલ–૧ ટેન્ડરર માન્ય રહેલ બીડવાળા ટેન્ડરરોએ રજુ કરેલ ભાવપત્રક (કોમર્શીયલ બીડ) ને આધારે નકકી કરવામાં આવશે. જરૂર જણાય તો ટેન્ડરરને જાણ કરી એલ–૧ ટેન્ડરરની સાથે ભાવ ઘટાડાની વાટાઘાટ કરવામા આવશે અને આવી વાટાઘાટ દરમ્યાન દરખાસ્ત થયેલ ભાવો તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

(૭) **<u>ટેન્ડરની સ્વીકૃતી</u>**

(૧) ટેન્ડરમાં આવેલ ભાવો મંજુર કર્યા અંગેની લેખીત જાણ જે તે ટેન્ડરરને કરવામાં આવશે આવી જાણ સામાન્ય રીતે હાથો હાથ, આર.પી.એ.ડી. ટપાલ દ્વારા સ્પીડ પોસ્ટ દ્વારા કરવામાં આવશે. ટપાલ મળવામાં વિલંબ થાય તો તે માટે કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહી.

(૨) શકય હશે ત્યાં સુધી એક ટેન્ડરરના ભાવો મંજુર કરવા પ્રયત્ન કરવામા આવશે. કોઈપણ ટેન્ડર પુરેપુરૂ સ્વીકારવાનો અગર તો કામગીરી ધ્યાને લઈને એક થી વધુ ટેન્ડરરના ભાવો માન્ય રાખવાનો કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાને અબાધિત હક રહેશે અને આ રીતે મંજુર થયેલા ટેન્ડરો તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

(૩) કોઈપણ ટેન્ડર સ્વીકારવાનો અગર તો તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાને અબાધીત હકક રહેશે. આમા સૌથી નીચા ભાવનું ટેન્ડર સ્વીકારવું કે નહી તેનો પણ સમાવેશ થાય છે.

(૪) કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાને જરૂર પડે ત્યારે ટેન્ડર ફોર્મ સાથે રજુ કરેલ છે તે સિવાયના અન્ય કોઈ દસ્તાવેજો માંગવામા આવે તો માંગ્યા તારીખથી દિન–૫ માં રજુ કરવાના રહેશે. જેમા નિષ્ફળ જનાર ટેન્ડરરનું ટેન્ડર રદ કરવાનો કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાને અધિકાર રહેશે.

ટેન્ડરરની સહી, નામ અને

સિકકો

કમિશનર કચેરી
મહેકમ શાખા
મહાનગરપાલિકા,
ભાવનગર.

---

**પરિશિષ્ટ–૩**

**<u>પૂર્વે લાયકાત ટેન્ડર ફોર્મ (ટેકનીકલ બીડ)</u>**

**ટેન્ડર સાથે રજુ કરવાની વિગતો :–**

(૧) એજન્સીનું નામ તથા સરનામું :–

(૨) વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન નંબર :–

(૩) માલિક/ભાગીદારોના નામ સરનામાફોટા
(કુલમુખત્યાર) :–

(૪) ટેલીફોન નંબર એજન્સી / માલિક /ભાગીદારો
ફેકસ નંબર ઈ–મેઈલઆઈ.ડી. :–

(૫) વ્યવસાયમાં જોડાયાનું વર્ષ તથા વ્યવસાયવેરો :–
ભર્યાની ચાલુ વર્ષની પહોચ.

(૬) જી.એસ.ટી. રજીસ્ટ્રેશન નંબર :–

(૭) (૧) છેલ્લા ત્રણ વર્ષના ઈ.પી.એફ. ના ચલણોની રકમ
(અ) વર્ષ ૨૦૨૦–૨૧
(બ) વર્ષ ૨૦૨૧– ૨૨
(ક) વર્ષ ૨૦૨૨ –૨૩

(૮) છેલ્લા ત્રણ વર્ષના વાર્ષિક ટર્ન ઓવરની વિગતો :–
(લધુતમ સરેરાશ–રૂ.લાખમાં)
(અ) વર્ષ ૨૦૨૦–૨૧
(બ) વર્ષ ૨૦૨૧– ૨૨
(ક) વર્ષ ૨૦૨૨ –૨૩

(૯) હાલ અથવા અગાઉ જે કંપની / સંસ્થાની કામગીરી કરતા હોય તેની વિગતો

સરકાર/અર્ધસરકારી/જાહેરસાહસ/બેન્ક/હોસ્પિટલ/સહકારી સંસ્થા/ઔધોગીક કંપની

(સંસ્થાનું સંતોષપત્ર સામેલ કરવું)

(૧૦) આવકવેરા હેઠળ નોંધાયેલ PAN નંબર :–

(૧૧) શોપ એકટ લાયસન્સ નંબર :–

(૧૨) પૂર્વ ઈતિહાસ સ્વચ્છ છે ? નાણાંકીય સંસ્થાના ડીફોલ્ટર નથી/પોલીસ કોર્ટ રેકર્ડ પર કેસ નથી તેનું બાહેધરી પત્રક આપવું. :–

:–

નોંધઃ– ઉકત વિગતોની ફોટો નકલ/સંદર્ભપત્ર/સક્ષમ સતાના પ્રમાણપત્ર અચુક રજુ કરવા જે વિના ટેન્ડર વિચારણામાં લેવાશે નહી.

# <u>ટેન્ડર અંગે સામાન્ય શરતો અને સૂચનાઓ</u>

(૧) આ કામ કોન્ટ્રાકટર પાસે વર્ક ઓર્ડર આપ્યાની તારીખથી ૩૧/૧૨/૨૦૨૪ સુધી કરાવવામાં આવશે.

(૨) ટેન્ડર ફી જે નામે ભરેલ હોય તે નામે જ ટેન્ડર ભરવાનું રહેશે.

(૩) આ ટેન્ડરમાં જયાં જયાં નિર્દિષ્ટ કરવામાં આવે છે ત્યાં ત્યાં તમામ જરૂરી વિગતો અવશ્ય ભરવાની રહેશે. અધુરી વિગતવાળુ ટેન્ડર રદ કરવાને પાત્ર ગણાશે. ટેન્ડરના દરેક પાના ઉપર કોન્ટ્રાકટરે સહી અચુકપણે કરવાની રહેશે. શરતી ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી.

(૪) આ કરારનામું કરાર થયાની તારીખથી ૩૧/૧૨/૨૦૨૪ માટે અમલમાં રહેશે અને ત્યારબાદ પરસ્પર સહમતિથી

વધુ

એક વર્ષ માટે કરાર લંબાવી શકાશે.

(૫) રજુ કરેલ ડોકયુમેન્ટસ, નાણાંકીય સધ્ધરતા, ટેકનીકલ ક્ષમતા અને અનુભવને ધ્યાનમાં લઈ જે–તે એજન્સીને કવોલિફાઈડ / ડિસ્કવોલિફાઈડ નકકી કરવાનો અબાધિત અધિકાર કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાને રહેશે. તેમા કોઈ તકરાર/વાંધો કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહી.

(૬) કોઈપણ અથવા તમામ ટેન્ડર રદ કરવાનો તથા કોઈપણ ટેન્ડર મંજુર કરવું કે ન કરવું તેનો તથા ઓછા ભાવવાળુ ટેન્ડર મંજુર કરવું કે ન કરવું તેનો અધિકાર કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાને અબાધિત રહેશે. આવું ટેન્ડર અથવા ટેન્ડરના ભાગરૂપે ટેન્ડર મંજુર કરવાની સતા કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાની રહેશે.

(૭) શરતોનું અર્થઘટન કરવાની, શરતો વધારવાની કે ઘટાડવાની, ફેરફાર કરવાની માંગેલ આધારોનું મુલ્યાંકન કરવાનાં અબાધિત અધિકાર કમિશનરશ્રી ભાવનગર મહાનગરપાલિકાને રહેશે.

(૮) ટેન્ડરમાં ભરવામાં આવેલ ભાવોનો વેલીડીટી પીરીયડ પ્રાઈઝબીડ ટેન્ડર ખોલ્યાની તારીખથી <u>૧૮૦ દિવસ</u>નો ગણવાનો રહેશે. ટેન્ડર મળ્યા બાદ કોન્ટ્રાકટરો તરફથી કોઈપણ પ્રકારની અરજીઓ કે રજુઆતો વગેરે ધ્યાનમાં લેવામાં આવશે નહી.

(૯) સફળ ઈજારદારે LOA (Letter of Acceptance) ની તારીખથી દિવસ ૦૭ (સાત) માં રૂપિયા ૭૫,૦૦૦/– ની રકમ સિકયુરીટી ડીપોઝીટ (SD) તરીકે " કમિશનરશ્રી ભાવનગર મહાનગરપાલિકા" ના નામે રોકડમાં કે રાષ્ટ્રીયકૃત બેંકના ડી.ડી.થી કે ૩૦ માસની વેલીડીટી ધરાવતી FDR/Bank Guarantee સ્વરૂપે એગ્રીમેન્ટ કરતા સમયે રજુ કરવાની રહેશે.

(૧૦) ટેન્ડર મંજુર થયેથી સફળ ઈજારાદારોએ/ સફળ ઈજારેદારે LOA (Letter of Acceptance) ની તારીખથી દિવસ ૦૭ (સાત) માં નિયમાનુસાર રકમના સ્ટેમ્પ પેપર ઉપર સ્વખર્ચે એગ્રીમેન્ટ (કરારનામું) કરી આપવાનું રહેશે.

(૧૧) LOA (Letter of Acceptance) ની તારીખથી ૦૭ (સાત) માં સિકયુરીટી ડીપોઝીટ ભરવામાં નહી આવે તો કોન્ટ્રાકટરે ભરેલ ઈ.એમ.ડી. ફોરફીટ કરવામાં આવશે અને તે અંગે ઈજારાદારની કોઈપણ દલીલ કે તકરાર ચાલી શકશે નહી.

(૧૨) કોન્ટ્રાકટરે તેમણે ભરેલ અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ અલગ અરજી કરી માંગવાની રહેશે. કોઈપણ ડિપોઝીટનું વ્યાજ ચુકવવામાં આવશે નહી.

(૧૩) કોન્ટ્રાકટરને કામગીરી કરવાનો રાઈટ આવ્યો હોવા છતાં કોન્ટ્રાકટર સક્ષમ નહી જણાય તો કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા અન્ય કોન્ટ્રાકટરને કામગીરી વહેંચવા માટે અધિકૃત રહેશે અને તે કોન્ટ્રાકટરને માન્ય રહેશે.

(૧૪) આ ટેન્ડર સાથે કોન્ટ્રાકટરએ પાનકાર્ડ GST, EPF, શોપએકટ લાયસન્સ, છેલ્લા ત્રણ વર્ષનું Income Tax Return, વગેરેની સ્વપ્રમાણિત નકલો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા પ્રમાણિત થયેલ Turn Over, ટેન્ડરની

ઓપનીંગ તારીખે વેલીડ હોય તેવી બેન્ક સોલ્વન્સી, નિયત રકમની ટેન્ડર ફી અને EMD ફરજીયાત જોડાવાના રહેશે અન્યથા જે તે કોન્ટ્રાકટરનું ટેન્ડર રીજેકટ કરવામાં આવશે.

(૧૫) કોન્ટ્રાકટરે કંપની/ઓર્ગેનાઈઝેશનનું સ્ટ્રકચર રજુ કરવાનું રહેશે.

(૧૬) સહી સિકકા કરેલ તથા ભાવો ભરેલ ટેન્ડરની હાર્ડ કોપી સાથે જરૂરી ટેન્ડર સપોર્ટીંગ ડોકયુમેન્ટ/દસ્તાવેજો ફકત રજીસ્ટર પોસ્ટ/સ્પીડ પોસ્ટથી જ મોકલવાના રહેશે. ડોકયુમેન્ટ સબમીટ નહી કરેલ હોય તો જે તે એજન્સીના ટેન્ડર માન્ય ગણવામાં નહી આવે.

(૧૭) લાગુ પડતાં લાઈસન્સ/રજીસ્ટ્રેશન ટેન્ડર ઓપનીંગ ડેઈટ સુધી વેલીડ હોવા જોઈશે અન્યથા જે–તે એજન્સીને ડિસ્કવોલીફાઈડ કરી પ્રાઈઝબીડ ટેન્ડર ઓપન કરવામાં નહી આવે.

(૧૮) ટેન્ડર સાથે ટેન્ડર ફી ની રકમ ડીમાન્ડ ડ્રાફટથી ભરવાની રહેશે, રોકડેથી કે ચેકથી સ્વિકારવામાં આવશે નહી ડિમાન્ડ ડ્રાફટ ટેન્ડર પ્રસિધ્ધ થવા બાદની તારીખે તૈયાર કરાવેલ જ હોવો જોઈશે અન્યથા જે તે એજન્સીના પ્રાઈઝબીડ ટેન્ડર ખોલવામાં નહી આવે.

(૧૯) ઈ.એમ.ડી. યુ.બી.આઈ. બેન્કની ડી.ડી. સ્વરૂપે જ રજુ કરવાની રહેશે.

(૨૦) ટેન્ડર ડોકયમુન્ટના કવર પર કામનું નામ, ડોકયુમેન્ટ પહોચતા કરવાની આખરી તારીખ, કોન્ટ્રાકટરનું નામ–સરનામુ–ફોન નંબર ફરજિયાત લખવાના રહેશે અન્યથા કવર સ્વિકારવામાં નહી આવે યા તો ટેન્ડરો ઓપન કરવામાં નહી આવે.

(૨૧) ટેન્ડર સાથે જોડેલ ટેન્ડર ફી ડ્રાફટ તથા ઈ.એમ.ડી.ડ્રાફટ પાછળ કામનું નામ તથા એજન્સીના નામ ટેલિફોન નંબર ફરજિયાત લખવાના રહેશે અન્યથા ઈ.એમ.ડી.ડ્રાફટ મીસ પ્લેસ થવા કે પરત મેળવવામાં વિલંબ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશનની જવાબદારી રહેશે નહી.

(૨૨) કોઈપણ સંજોગોમાં ટેન્ડર ફી પરત આપવામાં નહી આવે.

(૨૩) તમામ દસ્તાવેજની નકલો પોતાના દવારા પ્રમાણિત કરી સહી–સિકકા સાથેની (સેલ્ફ એટેસ્ટેડ) કે ગેઝેટેડ ઓફીસરે સહી–સિકકા સાથે પ્રમાણિત કરેલ નકલો રજુ કરવાની રહેશે. દસ્તાવેજોની મુળ નકલ ટેન્ડર ખોલતી વખતે ચકાસણીના હેતુસર માંગણી કરવામાં આવે તો રજુ કરવાની રહેશે. રજુ ન કર્યેની તે એજન્સીને ડિસ્કવોલિફાઈડ કરી તેના ટેન્ડર રદ કરાશે કે અસ્વીકાર કરાશે કે ડિસ્કવોલિફાઈ કરાશે.

(૨૪) **સરકારી કચેરી/વિભાગ દવારા બ્લેક લીસ્ટ તથા નાણાંકીય સંસ્થા દવારા ડિફોલ્ટર કે** પોલીસ તથા કોર્ટ રેકર્ડ પર કેસ નથી તે મતલબનું ટેન્ડરની જાહેરાતની તારીખ બાદનું સાથે સામેલ નમુના મુજબનું બાંહેધરી પત્રક ૩૦૦ રૂપીયાના સ્ટેમ્પ પેપર ઉપર ટાઈપ કરાવી નોટરાઈઝડ કરાવીને હાર્ડકોપીમાં અત્રેના વિભાગે ફરજિયાતપણે રજુ કરવાના રહેશે.

(૨૫) આ ટેન્ડર માટે ભરવાના થતા ભાવો હયાત કે આગામી તમામ ટેક્ષ તથા ચાર્જીસ, ટ્રાન્સપોર્ટેશન, લોડિગ–અનલોડિગ સાથેના ભાવનગર પહોચતાના ભરવાના રહેશે.

(૨૬) ટેન્ડરરે ઓન લાઈન ટેન્ડરની ભાવ ભરવાના રહેશે.

(૨૭) જાહેરાતમાં આપેલ સમયમર્યાદા બાદ આવેલ ટેન્ડર ધ્યાનમાં લેવામાં આવશે નહી અને તેની જાણ સબંધીત તે ટેન્ડરરને કરવામાં આવશે નહી અને જાહેરાતમાં દર્શાવેલ સરનામા મુજબ જ ટેન્ડર કવર મોકલવાનાં રહેશે. જો આમ કરવામાં નહી આવે તો તે ટેન્ડર ધ્યાને કે ગણત્રીમાં લેવામાં આવશે નહી, અને તેની જાણ સબંધીત ટેન્ડરરને કરવામાં આવશે નહી અને તેમાં ટેન્ડરરનો કોઈ પણ જાતનો વાંધો કે તકરાર ચાલશે નહી.

(૨૮) જે ભાવથી ટેન્ડર પાસ થયું તે જ ભાવથી વર્કઓર્ડર આપ્યાની તારીખથી ૩૧/૧૨/૨૦૨૪ **સુધી** કામ/સપ્લાઈ કરવાનું રહેશે. **મંજુર રહેલ ભાવમાં ટેન્ડરના સમયગાળા દરમ્યાન કોઈપણ કારણસર કોઈપણ ભાવ વધારો આપવામાં આવશે નહી.**

(૨૯) કોઈપણ પ્રકારે એડવાન્સ કે રોકડ પેમેન્ટ કરવામાં આવશે નહી તેમજ પેમેન્ટ અંગેની સમયમર્યાદાવાળી શરત સ્વીકારવામાં આવશે નહી.

(૩૦) ટેન્ડરરે ટેન્ડરમાં કોઈપણ જાતની શરતો રાખવાની / લખવાની નથી, જયારે ટેન્ડર ખોલવામાં આવશે અને કોઈ આવી જાતનું શરતી ટેન્ડર નીકળશે, તો તે ટેન્ડર રદ કરી શકાશે, અને આ અંગેની કોઈપણ જાણ એજન્સીને કરવામાં આવશે નહી કે તેમાં એજન્સીનો કોઈ પણ જાતનો વાંધો કે તકરાર ચાલશે નહી.

(૩૧) આ કામના કોન્ટ્રાકટમાં રાજય સરકાર કે કેન્દ્ર સરકારના કોઈ પણ ટેક્ષ તેમજ અન્ય કોઈ ટેક્ષ જેવા કે GST, સર્વિસ ચાર્જ, વ્યવસાય વેરો, વહીવટી ચાર્જ વગેરે હયાત કે આગામી તમામ ટેક્ષ તથા ચાર્જીસ ભરવાના થાય તે તમામ ટેક્ષ તથા ચાર્જીસ ભરવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૩૨) ન્યાય ક્ષેત્ર ભાવનગર રહેશે.

(૩૩) સમયમર્યાદામાં કોઈપણ આઈટમ સપ્લાય કરવામાં નિષ્ફળ જનાર કોન્ટ્રાકટરની માન્યતા રદ કરવામાં આવશે અને તેની ડીપોઝીટ ફોરફીટ કરવામાં આવશે.

(૩૪) ટેન્ડરરની કંપની/પેઢી/ફમનું EPF અને ESIC રજીસ્ટ્રેશન ફરજીયાત થયેલું હોવું જોઈએ.

## સ્ટોર વિભાગના સ્ટેશનરી સપ્લાય માટેની શરતો અને સુચનાઓ

(૧) ટેન્ડર પૈકી કોઈપણ આઈટમ વિભાગના અધિકારીને જરૂર જણાશે તો તેમજ માલ સબ–સ્ટાન્ડર્ડ હશે તો તે માલ ટેન્ડરરે તેના ખર્ચ અને જોખમે વિના વિલંબે તરત જ બદલી આપવાનો રહેશે. જો આમ કરવામાં ટેન્ડરર કસુર તો તે માલની રકમ આપવામાં આવશે નહી. તેમજ ટેન્ડરરની ભરેલ ડીપોઝીટની રકમ ફોર–ફીટ (જપ્ત) કરવામાં આવશે તેમજ ટેન્ડરરને મ્યુનિ.કોર્પોરેશનના બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે. અને તેમા ટેન્ડરર કોઈ વાંધો કે તકરાર લઈ શકશે નહી.

(૨) ટેન્ડરમાં જણાવેલ આઈટમો, જેવા જેવા માર્કાની– જેવી જેવી જાતની – માપની તથા વજનની લખેલ છે તે મુજબની આઈટમો/માલ સામાન આપવાનો રહેશે તેમજ સુચના મુજબ સ્થળ ઉપર વેરીફીકેશન કરાવી આપવાનું રહેશે.

(૩) વર્કઓર્ડરમાં દર્શાવેલ સમયમર્યાદામાં કોઈપણ આઈટમ સપ્લાય કરવામાં નિષ્ફળ જનાર કોન્ટ્રાકટરની માન્યતા રદ કરવામાં આવશે અને તેની ડીપોઝીટ ફોરફીટ કરવામાં આવશે.

(૪) ટેન્ડરમાં જણાવ્યા પ્રમાણે જે જે સાધનો, માલ સામાન, જયારે જેટલા જથ્થામાં સ્ટોર વિભાગ ભાવનગર મહાનગરપાલિકા કહે તે મુજબ જે તે જગ્યાએ ઓર્ડર મળ્યેથી દિવસ–૦૫ માં પહોચતો કરવાનો રહેશે. અને અર્જન્ટ ડિમાન્ડ કરેલ માલ સામાન દિન–૧માં જ પુરો પાડવાનો રહેશે. તેમજ જો ઓર્ડર મુજબનો માલ ન પહોચે તો ટેન્ડરરને જાણ કર્યા સિવાય સ્ટોર વિભાગ ગમે ત્યાંથી બારોબાર જે તે માલ સામાન ખરીદી શકાશે. અને જે જાસ્તી રકમ થાય તે મહાનગરપાલિકાને ભરી આપવાની રહેશે. અન્યથા ભાવનગર મહાનગરપાલિકા દવારા ટેન્ડરરની ભરેલ ડીપોઝીટની રકમ ફોર–ફીટ (જપ્ત) કરવામાં આવશે તેમજ ટેન્ડરરને મ્યુનિ. કોર્પોરેશનનાં બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે તેમજ તેમાં ટેન્ડરર કોઈ વાંધો કે તકરાર લઈ શકશે નહી.

(૫) ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ખરીદ કરેલ માલનું પેમેન્ટ સગવડતા મુજબ કરશે અગાઉનું બીલ બાકી હશે તો પણ નવા ઓર્ડર મુજબનો માલ દિવસ–૦૫ માં મોકલી આપવાનો રહેશે. અન્યથા ટેન્ડરની ડીપોઝીટની રકમ કોર્પોરેશન ફોરફીટ (જપ્ત) કરી શકશે. તેમજ તેવા વેપારી/કોન્ટ્રાકટરને મ્યુનિ. કોર્પોરેશનના બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે. તેમાં ટેન્ડરર કોઈ વાંધો કે તકરાર લઈ શકાશે નહી.

(૬) જો સ્ટોર વિભાગ જણાવે કે મોકલેલ સાધનો, માલ–સામાન ટેન્ડરમાં જણાવ્યા પ્રમાણે બરોબર નથી તો તે માલ સામાન, તરત જ ટેન્ડરરે પરત લઈને બીજો માલ સામાન ટેન્ડરરે પોતાના ખર્ચે અને પોતાના જોખમે વિના વિલંબે મોકલવાનો છે. અન્યથા તમામ ડિપોઝીટની રકમ ફોરફીટ (જપ્ત) કરવા મ્યુનિ. કોર્પોરેશનના બ્લેક લીસ્ટમાં મુકવા માટે મ્યુનિ. કોર્પોરેશન હકકદાર રહેશે.

(૭) જે તે ઉત્પાદક–ઉત્પાદન કંપની, ડીલર, માન્ય ડીસ્ટ્રીબ્યુટર, સપ્લાયર કે કોન્ટ્રાકટરએ આ ટેન્ડર ભરી શકશે અને તે અંગે જે તે કંપનીનું કવોલીટી અંગેનું બ્રાન્ડ અને પ્રમાણપત્ર ટેકનો એન્ડ કોમર્શીયલ ટેન્ડર સાથે સામેલ રાખવાનું રહેશે.

(૮) સાધનો, માલ સામાન સારા મટીરીયલ્સના બનેલ અને સારી કવોલિટીના અધિકૃત અધિકારી એપ્રુવ્ડ કરે તેવા સપ્લાય કરવાના રહેશે. તુટેલા કે નુકશાન થયેલ માલ સામાન બદલી આપવાના રહેશે અથવા તેનું પેમેન્ટ કરવામાં આવશે નહી.

(૯) સદરહુ આઈટમ સપ્લાય માટે ટેન્ડરરની સ્થાનિક લેવલે શાખા/એજન્સી છેલ્લા એક વર્ષથી હોવી જોઈએ જે અંગે તેમના આધાર પુરાવા માટે શોપ લાયસન્સ / ભાડા ચીઠી / ઘરવેરા બીલની નકલ રજુ કરવાનું રહેશે.

(૧૦) અત્રેના વિભાગે સપ્લાય કરવામા આવેલ તમામ વસ્તુના બિલ સાથે સબંધિત માસની EPF અને ESIC પ્રમાણપત્ર આપવાનું રહેશે તો જ બીલ પાસ થઈ શકશે.

કોન્ટ્રાકટર/સપ્લાયર તરીકે સદરહુ કામના ટેન્ડરની/ઉપરોકત તમામ શરતો, સુચનાઓ, વિગતો તથા સ્પેસીફીકેશન અમોએ બરાબર વાંચી, વંચાવી, સમજી, વિચારીને ટેન્ડરમાં ભાવો ભરેલ છે. ઉપરોકત તમામ શરતો અમોએ શુધ્ધ બુધ્ધિપૂર્વક વાંચેલ–વંચાવેલ–વિચારેલ–સમજેલ છે જે મને/અમને કોઈપણ ધામ ધમકી કે દબાણ વગર કબુલ મંજુર છે. જો કોઈ સંજોગોમાં હું આ કામ ન કરૂ તો મહાનગરપાલિકામાં આ કામ માટેની ભરપાઈ કરેલ તમામ પ્રકારની તમામ ડીપોઝીટની રકમ ફોરફીટ કરવા મહાનગરપાલિકા હકકદાર રહેશે અને મ્યુ.કોર્પો. અમોને બ્લેક લીસ્ટ કરવા હકકદાર

રહેશે. આમ અમો કોન્ટ્રાકટર/સપ્લાય તરીકે તમામ શરતો તથા સ્પેસીફીકેશન મુજબ અમોએ ભરેલ કે માન્ય રાખેલ ભાવોથી કામ કરવા બંધાઈએ છીએ અને સહી કરી આપીએ છીએ.

<table>
<tr><td colspan="4">એજન્સીનું નામ :–</td></tr>
<tr><td colspan="4">કોન્ટ્રાકટરનું નામ :–</td></tr>
<tr><td colspan="2">કોન્ટેકટ નંબર :</td><td>તારીખ</td><td></td></tr>
<tr><td>સહી કરનાર–માલિક/ભાગીદાર /ઓથોરાઈઝડ પર્સન પેકી કઈ હેસિયતથી સહી કરેલ છે.</td><td>કોન્ટ્રાકટર/એજન્સીની સહી</td><td colspan="2">કોન્ટ્રાકટર/એજન્સીનો સિકકો</td></tr>
</table>

# ભાવનગર મહાનગરપાલિકા

## વર્ક ઓર્ડર આપ્યા તારીખથી તાઃ ૩૧–૧૨–૨૦૨૪ સુધીના સમય માટેનાં વાર્ષિક કામના સ્ટેશનરી પુરી પાડવા અંગેનું ભાવપત્રક

| નંબર | માલની વિગત | દર | | |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | | |
| ૧ | કાગળ ફુલસ્કેપ કોરા સફેદ ગ્લેઝ ઓરીએન્ટ કાગળ કોરા ૭.૭ કે.જી.૪૮૦ શીટનાઓરીએન્ટ કોર્પો. લોગો તથા મેટર સ્ક્રીન પ્રિન્ટ | રીમ–૧નાં | | |
| ૨ | કાગળ આંકેલા ૭.૭ કે.જી. ૪૮૦ શીટના ઓરીએન્ટ કોર્પો. લોગો તથા મેટર સ્ક્રીન પ્રિન્ટ | રીમ–૧ નાં | | |
| ૩ | વિન્ડો કવર અમારા નમુના મુજબની સાઈઝનાં અમે મેટર આપીએ તે છાપી આપીને. | ૧૦૦૦ નંગનાં | | |
| ૪ | સ્ટેમ્પ પેડ ઈન્ક ગ્લીસરીન વાળી વ્હીલ કુ. ની ૬૦ એમ.એલ | ૧–ડઝનનાં | | |
| ૫ | ગમ બોટલ–૧૫૦ એમ.એલ. વ્હીલ/ કેમલ પેસ્ટ પ્લાસ્ટીક પેકીંગમાં | ૧–ડઝનનાં | | |
| ૬ | પેન્સીલ કાળી સારીજાતની હિન્દુસ્તાન પેન્સીલ પ્રા.લી. હિન્દુસ્તાન નં.૬૨૧ " નટરાજ" | ૧૦૦ નંગનાં | | |
| ૭ | પોઈન્ટેડ ટાંકણી ૫૦ ગ્રામનાં સીલ બંધ પેકેટમાં એલીફન્ટ બ્રાન્ડ | પેકેટ–૧નાં | | |
| ૮ | ટેગ્ઝ લાલ સારી જાતની ૧૨" સાઈઝ અમારા નમુના મુજબની. | ૧૦૦ નંગનાં | | |
| ૯ | ફાઈલ લેસ જાડી(ગ્રીન) ૨૪" ની સાઈઝની અમારા નમુનામુજબની | ૧–ગ્રૂસનાં | | |
| ૧૦ | કોરસનાં પેન કાર્બન પેપર બ્લ્યુ સેફાયર | ૧–પેકેટનાં | | |
| ૧૧ | ૬૦ ગ્રામ બ્રાઉન પેપરનાં કવર ૧૧" × ૪॥" નમુના મુજબ | ૧–નંગના | | |
| ૧૨ | આંકેલા પાકા રજીસ્ટર ૭.૩ કે.જી. સફેદ ગ્લેઝ કાગળ વાપરીને ૧ રતલી બ્રાઉન પાકુ બાઈન્ડીંગ વાળુ. | ૧– ડઝન | | |
| ૧૩ | ૧ કવાયરનાં ૭૨ પેઈઝનાં | ૧–ડઝનનાં | | |
| ૧૪ | ૨ કવાયરનાં ૧૪૪ પેઈઝનાં | ૧–ડઝનનાં | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | ૩ કવાયરનાં ૨૧૬ પેઈઝનાં | ૧–ડઝનનાં | | |

.../૨/...

| નંબર | માલનીવિગત | દર | | |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | | |
| ૧૬ | આવક–જાવકનાં ચોપડા ૭.૭ કે.જી.કાગળમાં પેઈઝ ૩૬૦ નાં અમારા નમુના મુજબનાં | ૧–ડઝનનાં | | |
| ૧૭ | સ્લીપ બુક ૭.૩ કે.જી. સફેદ કાગળની ૯૬ પાના૧૯૨ પેઈઝની ૧–૪ ફુલ સ્કેપ | ૧–ડઝનનાં | | |
| ૧૮ | –––સદર––––૧–૮ ફુલ સ્કેપ | ૧–ડઝનનાં | | |
| ૧૯ | પંચમશીન કાંગારૂ કું.ના ૫૨ – નંબર<br>૨૮૦ – નંબર | ૧–નંગનાં<br>૧–નંગનાં | | |
| ૨૦ | સ્ટેપ્લર મશીન કાંગારૂ કુ. નંબર–૧૦ નાં | ૧–નંગનાં | | |
| ૨૧ | સ્ટેપ્લર પીન નંબર–૧૦ ની ૧૦૦૦ નું પેકેટ કાંગારૂ કંપનીના | ૧–પેકેટનો | | |
| ૨૨ | સ્ટેપ્લર મશીન ૨૪×૬ નુ "જમ્બો" કાંગારૂ કું. ના | ૧–નંગનાં | | |
| ૨૩ | સ્ટેપ્લર મશીન પીન ૨૪×૬ ની કાંગારૂ કું ૧૦૦૦નું પેકેટ | ૧–પેકેટનાં | | |
| ૨૪ | ફાઈલ બોર્ડ ૧/૪ સાઈઝ બંન્ને બાજુ સારી જાતની રીંગ મારીને સારી જાતનું અસ્તર વાપરીને.૧ાા રતલી બોર્ડ | ૧–ડઝનનાં | | |
| ૨૫ | ફાઈલ બોર્ડ ૧/૨ સાઈઝ બંન્ને બાજુ સારી જાતની રીંગમારીને. ૧ાા રતલી બોર્ડમાં | ૧–ડઝનનાં | | |
| ૨૬ | ફલેપ બોર્ડ સ્ટ્રોબોર્ડનાં પુંઠામાંથી ૧ ૧/૨ રતલી બોર્ડ વાપરી સારીજાતના ફલેટ લગાડીને | ૧–ડઝનનાં | | |
| ૨૭ | ૧ ૧/૨ રતલી બોર્ડનાપોર્ટફોલીયા રોયલ સાઈઝ ૬" ની લંબાઈની ત્રણ દોરીવાળા કાપડ પટ્ટીપીઠ રાખીને. | ૧–ડઝનનાં | | |
| ૨૮ | પ્લાસ્ટીક ફાઈલ કોર્પો. લોગો તથા મેટર સ્ક્રીન પ્રિન્ટ કરી સપ્લાય કરવાનાં ભાવ નંગ–૧નાં (લીગલ સાઈઝ) | ૧–નંગનાં | | |
| ૨૯ | સ્ટેમ્પ પેડ સેલ્ફ ઈન્કીંગ સાઈઝ ૧૧૦×૭૦ એમ.એમ (એપોલો સીલ્વર કીંગ્ઝ કંપનીના) | ૧–નંગનાં | | |
| ૩૦ | A-4 સાઈઝ "માય ચોઈસ / જે.કે." ઝેરોક્ષ પેપર ૫૦૦ શીટ (જરૂરીયાત મુજબ કટીંગ કરી આપવા સાથે) | ૧–પેકેટનાં | | |

| નંબર | માલનીવિગત | દર | | |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | | |
| ૩૧ | લીગલ સાઈઝ "માય ચોઈસ / જે.કે." ઝેરોક્ષ પેપર ૫૦૦ શીટ | ૧– પેકેટનાં | | |
| ૩૨ | કોરસ કાર્બન પેપર ૧૦૦ શીટના ટાઈપ કાર્બન કોમ્બોપ્લેઈન નં.–૫૦૩ (બ્લેક ) | ૧–પેકેટનાં | | |
| ૩૩ | ઈન્ડેક્ષ ફાઈલો | ૧–ડઝનનાં | | |
| ૩૪ | ત્રિપ્લીકેટ બુકો ૩૦૦ પેઈઝની પાકુ બાઈન્ડીંગ | ૧ નંગના | | |
| ૩૫ | યુ. પીન ૩૫ એમ.એમ. / ૨૪ એમ.એમ. | ૧ પેકેટનાં | | |
| ૩૬ | આકેલા રજીસ્ટરો લેઝર પેપરમાં ૨ કવાયરના ૧૪૪ પેઈઝનાં | ૧ રજી.નાં | | |
| ૩૭ | આંકેલા રજીસ્ટ્રરો લેઝર પેપરમાં ૩ કવાયરના ૨૧૬ પેઈઝનાં | ૧ રજી.નાં | | |
| ૩૮ | ફેવીસ્ટીક ૧૫ ગ્રામની ફેવીકોલ કંપનીની | ૧ નંગનાં | | |
| ૩૯ | દફ્તર બંધન (ચલાખા) અમારા નમુના મુજબ | ૧ મીટરનાં | | |
| ૪૦ | ફેવીકોલ એમ.આર. ૧૦૦ ગ્રામ | ૧ નંગનાં | | |
| ૪૧ | કેલ્યુલેટર કેશીયો કંપનીના (૧૨ ડીજીટલ નમુના મુજબ) | ૧ નંગના | | |
| ૪૨ | કાપડના થેલા નમુના મુજબના (દફ્તર માટે ) | ૧ નંગના | | |
| ૪૩ | ગ્રીનકલર કલોથ કવર (૧) ૧૬"× ૧૨"<br>(૨) ૧૫" × ૧૧" | ૧ નંગના<br>૧ નંગના | | |
| ૪૪ | સ્કેચપેન (સેટ) | ૧ પેકેટના | | |
| ૪ ૫ | હાઈ લાઈટર | ૧ નંગના | | |
| ૪૬ | માર્કરપેન શેલો કું. ની | ૧ નંગના | | |
| ૪૭ | પંચમશીન મોટા ડી.પી. ૭૦૦ કાગારૂ કું. | ૧ નંગના | | |
| ૪૮ | પ્લાસ્ટીક ફોલ્ડર ફાઈલ | ૧ નંગના | | |
| ૪૯ | પ્લાસ્ટીક એલ– ફોલ્ડર ફાઈલ | ૧ નંગના | | |

| નંબર | માલનીવિગત | દર | | |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | | |
| ૫૦ | ગ્રીન લેજર પેપર લીગલ સાઈઝ | ૧ પેકેટના | | |
| ૫૧ | કલર ફલેપ પટ્ટી (સ્ટીકી નોટ ) | ૧ પેકેટના | | |
| ૫૨ | પેન્સીલ પાવર (એવરીડે, નોવીનો કું.) નાના –<br>મોટા– | ૧ નંગના<br>૧ નંગના | | |
| ૫૩ | રબ્બરરીંગ નાની–<br>મોટી – | ૧૦૦ ગ્રામના<br>૧૦૦ ગ્રામના | | |
| ૫૪ | શેલોટેપ (વન્ડર ૫૫૫ કું. ) ૧ ઈંચ–<br>૨ ઈંચ– | ૧ નંગના<br>૧ નંગના | | |
| ૫૫ | પ્લાસ્ટીક દોરી દડા | ૨૦૦ ગ્રામના | | |
| ૫૬ | કાણા પાડવા માટેના સુયા | ૧ નંગના | | |
| ૫૭ | લાખ ( ઈગલ બ્રાન્ડ કું. ૫૦૦ ગ્રામ ૧૬ સ્ટીક) | ૧ પેકેટના | | |
| ૫૮ | મીણબત્તી (૮૦૬ નંબર – ૬ નંગ ) | ૧ પેકેટના | | |
| ૫૯ | વોટર જગ(શેલો અથવા મીલ્ટન કું.ના), ૫ લીટર–<br>૧૦લીટર– | ૧ નંગના<br>૧ નંગના | | |
| ૬૦ | ખુરશીની ગાદી કવર સાથે | ૧ નંગના | | |
| ૬૧ | સ્કેલ (૧) પ્લાસ્ટીક<br>(૨) લાકડાની | ૧ નંગના<br>૧ નંગના | | |
| ૬૨ | બુકે સેટ (૧૦૦ પેઈઝ કાચુ પુઠું પાંચ નોટબુકનો સેટ નમુના મુજબ) | ૧ પેકેટના | | |
| ૬૩ | 'S' ટાઈપ ચેરની બેઠક | ૧ નંગના | | |
| ૬૪ | 'S' ટાઈપ ચેરની પીઠ | ૧ નંગના | | |
| ૬૫ | કેસ્ટર વ્હીલ | ૧ નંગના | | |
| ૬૬ | બોલપેન (નમુના મુજબ) | ૧ નંગના | | |
| ૬૭ | રીફીલ | ૧ નંગના | | |
| ૬૭ | ખાખી રોલ | ૧ નંગના | | |
| ૬૮ | ફીવીકોલ ૫૦૦ ગ્રામ | ૧ પેકેટના | | |
| ૬૯ | સ્પંચ ડબ્બી | ૧ નંગના | | |
| ૭૦ | મોટા સ્ટેમ્પ પેંડ (અશોકા) | ૧ નંગના | | |
| ૭૧ | A/3 કાગળ ૭૦ GMS | ૧ પેકેટના | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૭૨ | કોમ્પ્યુટર સ્ટેશનરી કાગળ<br>II પાર્ટ વીથ કાર્બનન ૧૦× ૧૨ સાઈઝ | ૧૦૦૦ નંગના | | |
| ૭૩ | A/3 ગ્રીન કવર | ૧ નંગના | | |
| ૭૪ | તાળા નમુના મુજબના | ૧ નંગના | | |
| ૭૫ | એકેલીક નેઈમ પલેટ ૧૨'' | ૧ નંગના | | |
| ૭૬ | ખુરશીની ગાદીના કવર | ૧ નંગના | | |
| ૭૭ | કોમ્પ્યુટર સ્ટેશનરી કાગળ<br>૧૨× ૧૫ સાઈઝ | ૧૦૦૦ નંગના | | |
| ૭૮ | પ્લાસ્ટીક ફાઈલ | ૧ નંગના | | |
| ૭૯ | કોર્પો. લોગો તથા મેટર સ્ક્રીન પ્રિન્ટ ફાઈલ | ૧ નંગના | | |

**સ્ટોર સુપ્રિ.** **ચીફ એકાઉન્ટન્ટ** **ચીફ ઓડીટર** **નાયબ કમિશનર(એડમીન)**

**નોંધ :– ટેન્ડરરે આ સિવાયની આઈટમો જે તે સંજોગો/પરિસ્થિતિ અનુસાર ઉપસ્થિત થયેલ જરૂરીયાત મુજબ મહાનગરપાલિકા,ભાવનગરને બજાર ભાવે પુરી પાડવા બંધનકર્તા રહેશે. ( બજારભાવથી વધારે રકમ અત્રેથી ચુકવવાપાત્ર રહેશે નહિં.)**